# ખેડબ્રહ્માના રહેણાંક મકાનમાંથી ઈંગ્લીશ દારૂ ઝડપાયો

## માત્ર રૂ. ૧૫,૫૦૦નો દારૂ પકડી પોલીસે સંતોષ માન્યો હતો જયાં દરરોજ લાખો રૂપિયાનો દારૂ પી જવામાં આવે છે જયારે ચૂંટણી સમયે મોટા પ્રમાણમાં દારૂની હેરાફેરી થઈ રહી છે

ખેડબ્રહ્મા, તા.૧૯

ખેડબ્રહ્મા ખાતે આવેલી એક સોસાયટીના મકાનમાં ઈંગ્લીશ દારૂનો વેપારી થઈ રહ્યો છે તેવી બાતમીના આધારે એલસીબીના સ્ટાફે દરોડો પાડતાં રસોડામાંથી ૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ કે તેની અંદાજીત કિંમત રૂ. ૧૫,૫૦૦ થાય છે તે ઝડપી લઈ પોલીસને જોઈ ફરાર મકાન માલિક વિરૂધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

સાબરકાંઠા જિલ્લા એલસીબી પી.આઈ. જે.એમ. પાલને બાતમી મળી હતી કે ખેડબ્રહ્મા ખાતે આવેલી ભકિતનગર સોસાયટીમાં રહેતા મહેશકુમાર રતનલાલ શાહ નામનો શખ્સ પોતાના ઘરમાં જ ઈંગ્લીશ દારૂની બોટલો રાખી વેપારી કરી રહ્યો છે. બાતમીના આધારે હિંમતનગર એલ.સી.બી.ના કલ્યાણસિંહ દેવીસિંહ રમણભાઈ અને કૌશિકભાઈએ શુક્રવારે સાંજના સાત વાગ્યાના સુમારે ખેડબ્રહ્મા ખાતેની ભકિતનગર સોસાયટીમાં રહેતા મહેશકુમાર રતનલાલ શાહના ઘરે દરોડો પાડતાં રસોડામાં પથ્થર નીચેના ગુપ્તખાનામાંથી ઈંગ્લીશ બ્રાન્ડની ૪૮ બોટલ કે જેની કિંમત રૂ. ૧૫,૫૦૦ થવા જાય છે તે મળી આવી હતી. પોતાના ઘરમાં જ ઈંગ્લીશ દારૂનો વેપાર કરતો મહેશભાઈ શાહ પોલીસને જોઈ ફરાર થઈ ગયો હતો. એલ.સી.બી.ના કલ્યાણસિંહ દેવીસિંહે મહેશભાઈ શાહ વિરૂધ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. ઈસરાનીએ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કાંકણોલ ગામમાં કિશોરી પર બે નરાધમો દ્વારા બળાત્કાર

## નિર્લજ કૃત્યને દબાવવા ભારે ધમપછાડા : નરાધમોએ કિશોરીની વિડીયો ક્લીપ જાહેર કરવાની ધમકી આપી હતી

હિંમતનગર, તા. ૧૯

હિંમતનગરને અડીને આવેલા કાંકણોલ ગામમાં ૧૫ વર્ષીય કિશોરીને બે નરાધમોએ એક ખેતરની વાડીમાં ખેંચી જઈ તેની ઉપર બળાત્કાર ગુજારતા સમગ્ર પંથકમાં ફીટકારની લાગણી પ્રસરી જવા પામી છે. સમગ્ર નીંદનીય પ્રકરણ ઉપર પડદો પાડવા માટે હીન પ્રયાસો થયા હતા. પોલીસની ધીમી કાર્યવાહીની પણ ચારે તરફથી નીંદા થઈ રહી છે.

બનાવની વિગત અનુસાર હિંમતનગરના કાંકણોલ ગામની ૧૫ વર્ષિય કિશોરી ગામના જ બે નરાધમોનો ભોગ બની હતી. ગુરૂવારે સાંજે કિશોરી ગામમાં તેના મિત્રો સાથે ઉભી હતી ત્યારે નરાધમોએ તેના મિત્રોને માર મારી હાંકી કાઢીને કિશોરીને ખેંચીને નજીકમાં આવેલ ચીકુડીની વાડીમાં ખેંચી જઈ બન્ને નરાધમોએ પાશવી કૃત્ય આચર્યુ હતુ અને જો કોઈને કહીશ તો તારા ભાઈને જાનથી મારી નાખવાની અને કિશોરીની વિડીયો ક્લીપ જાહેર કરી દેવાની ધમકી આપી હતી.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સમગ્ર પ્રકરણ ઉપર પડદો પાડી દેવા માટે હીન પ્રયાસ થયા હતા. પરંતુ તેમાં સફળતા ન મળતાં પોલીસને એફ.આઈ.આર. ફાડવાની ફરજ પડી હતી. પોલીસે વહેલી સવારે આરોપીઓને પકડી લીધા હોવા છતાં સાંજે પોલીસ આરોપીઓ પકડ્યા હોવાની જાહેરાત કરી હતી. ૧૫ વર્ષિય કિશોરી ઉપર જારકર્મ આચરનાર ભાવેશ છનાભાઈ પટેલ અને પંકજ મનહરભાઈ રાવળ પરણિત છે. વિકૃત માનસ ધરાવતા આ નરાધમો ઉપર ચોમેરથી ફિટકાર વરસી રહ્યો છે અને કડક કાર્યવાહીની માંગ ઉઠી રહી છે.

# આજે પાલનપુર ખાતે નરેન્દ્રભાઈ મોદીની થ્રી ડી સભા યોજાશે

પાલનપુર, તા.૧૯

બનાસકાંઠા સંસદની ચુંટણીમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારશ્રી હરીભાઈ ચૌધરીના સમર્થનમાં પાલનપુર ખાતે આજે ૨૦-૪-૨૦૧૪ને રવિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે નરેન્દ્રભાઈ મોદીની અદ્યતન ટેકનોલોજી ધરાવતી થ્રી ડી સભા રામલીલા મેદાન પાલનપુરમાં યોજાશે.

આ થ્રી ડી સભા દ્વારા નરેન્દ્રભાઈ મોદી ભાજપના સૌ કાર્યકર્તાઓ, આગેવાનો, તમામ સમાજોમાં ભાજપના શુભેચ્છક સમર્થક તથા સૌ મતદાર ભાઈઓ બહેનોને જીવંત પ્રસારણથી સભા સંબોધશે. જિલ્લા ભાજપ તરફથી સહુને ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ છે તેમ જિલ્લા મિડીયા સેલની યાદીમાં જણાવાયું છે.

# ગૃહ રાજયમંત્રી ડીસામાં સભા યોજશે

પાલનપુર, તા.૧૯

રાજયના ગૃહ રાજયમંત્રી રજનીભાઈ પટેલ આજે રવિવારે સાંજે ૬-૦૦ કલાકે ડીસા શહેરમાં એસ.સી. ડબલ્યુ હાઈસ્કુલ પાસે જાહેર સભાને સંબોધશે. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો, આગેવાનો અને સમર્થકો મોટી સંખ્યામાં જોડાશે.

# પાટણમાં ભાજપનું પ્રચાર અભિયાન જોરશોરમાં

પાટણ, તા.૧૯

રાજયની લોકસભાની ૨૬ બેઠકો પર ભાજપનો ભગવો લહેરાય તે માટે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન પાટણ જિલ્લાના મતદારોને મનાવવા અને ભાજપ તરફી મતદાન કરવા ગામડા ખૂંદી રહ્યા છે.

પાટણ બેઠક ભાજપના ઉમેદવાર અને રાજયના વર્તમાન મંત્રી લીલાધર વાઘેલાને વિજયી બનાવવા માટે અનુસૂચિત જાતિ વિકાસ નિગમના ચેરમેન ઝવેરભાઈ ચાવડા ભાજપ તરફી મતદાન કરવા માટે મતદારોને અપીલ કરી રહ્યા છે.

બેઠકો અને રેલીમાં ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને વડાપ્રધાન બનાવવા પાટણ બેઠકના મતદારોને આહ્વાન કરી રહ્યા છે તેમ કે.આઈ. પટેલે જણાવ્યું છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



# હિંમતનગરમાં માલધારી સમાજનું સંમેલન યોજાયું : ભાજપને વિજયી બનાવવા માલધારી સમાજે કમર કસી

હિંમતનગર શહેરના ડૉ. નલીનકાંત ગાંધી ટાઉનહોલમાં સાબરકાંઠા જિલ્લાના માલધારી સમાજનું સંમેલન યોજાયું. જેમાં પ્રદેશ માલધારી સમાજના પ્રમુખ અને ગોપાલક વિકાસ નિગમના ચેરમેન અરજણભાઈ રબારી, પાટણના ધારાસભ્ય રણછોડભાઈ રબારી, જિલ્લા ભાજપ પ્રમુખ પૃથ્વીરાજભાઈ પટેલ, વિધાનસભાના ઉમેદવાર રાજેન્દ્રસિંહ ચાવડા, ઉત્તર ગુજરાત માલધારી સમાજના સહ કન્વીનર અમૃતભાઈ દેસાઈ, પૂર્વ પાલિકા પ્રમુખ લાલભાઈ દેસાઈ, ઓધારભાઈ દેસાઈ, જિલ્લા ગોસંવર્ધન સેલના સહ કન્વીનર પરેશભાઈ દેસાઈ, જિલ્લા માલધારી સેલના પ્રમુખ સાવનભાઈ દેસાઈ સહીત અનેક અગ્રણીઓએ ભાજપા તરફે જંગી મતદાન કરી ભાજપને વિજય અપાવવા અપીલ કરી હતી. માલધારી સમાજ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો.

# લોકસભાના ભાજપના ઉમેદવારનો ખેડબ્રહ્મા તાલુકામાં ચૂંટણી પ્રચાર

ખેડબ્રહ્મા, તા. ૧૯

સાબરકાંઠા લોકસભાના ભાજપના ઉમેદવાર દ્વારા ખેડબ્રહ્મા તાલુકાના ૩૦ જેટલા ગામડાઓ ચૂંટણી સભાઓ અને પ્રચાર કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો સહીત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ મંગુભાઈ પટેલે સાબરકાંઠાના લોકસભાના ઉમેદવાર દીપસિંહ રાઠોડ માટે ખેરોજ ખાતે એક જાહેર સભાને સંબોધન કર્યુ હતું. દિપસિંહ રાઠોડ સહીત ભાજપના આગેવાનો કાર્યકરોએ આગીયા-હીગરીયા પાંચમહુડા - બેગોડ - પંથાલ-ખેરોજ-મીઠીબીબી - સેબલીયા - ખેડવા - પઢારા અને વરતોલ સહીતના ૩૦ જેટલા ગામોમાં ચૂંટણી સભાઓ ગજવી ભાજપ માટે ચૂંટણી પ્રચાર કર્યો હતો. આ સભાઓમાં ભાજપ દ્વારા હિંમતનગરથી અંબાજી સુધી નેશનલ હાઈવે તથા ખેડબ્રહ્માથી આબુરોડ સુધી રેલવે લાઈનનુ વચન આપવામાં આવ્યું હતું. ગુજરાતના વિકાસ મોડલને સમગ્ર દેશે સ્વીકાર્યુ છે અને કોંગ્રેસે દેશને અસલામત બનાવ્યો છે. પાકિસ્તાન અને ચીન દ્વારા દેશની સીમાઓ પર રોજ અડપલા કરવામાં આવે છે છતાં વર્તમાન સરકાર કશુ કરતી નથી. આ ચૂંટણી પ્રચારમાં રમીલાબેન બારા, જશુભાઈ પટેલ, વિનોદભાઈ એફ. પટેલ, અશોકભાઈ જોષી તથા સુરેશભાઈ પી. પટેલ સહીતના ભાજપના કાર્યકરો જોડાયા હતા.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

# ૧૫થી વધુ સરકારી કચેરી પુરાની હવેલીમાં ફેરવાઈ

## સિવિલ કમ્પાઉન્ડમાં અસુવિધાથી નાગરિકો ભારે પરેશાન

અમદાવાદ, તા.૧૯

પછાત વિસ્તાર માટે પછાત વિકાસ અને ધીમુ વિકાસ કરવાની તંત્રની માનસિકતા યથાવત છે જેનું ઉદાહરણ છે. ન્યુ મેન્ટલ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ આ ન્યુ મેન્ટલ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ પૌરાણિક કાળથી બિસ્માર હોય તેવી પરિસ્થિતિમાં પડ્યું છે. તંત્રની ૧૫થી વધુ મહત્વની ઓફીસો ધરાવતા કમ્પાઉન્ડમાં રોડ ખૂબ બિસ્માર છે. સમગ્ર કમ્પાઉન્ડમાં ગંદકીનો રાફડો ફાટી નીકળ્યો છે. ઉપરાંત ૨૦થી વધુ મહત્વની ઓફિસો તો પુરાની હવેલી જેવી થઈ ગઈ છે. સરકારી ઓફિસો ધરાવતા કમ્પાઉન્ડમાં જુદા જુદા કાર્યો અર્થે નાગરીકો રોજ કામકાજ અર્થે આવે છે પરંતુ સુવિધાના નામે મીડું હોવાથી લોકો રોજ તંત્ર વિરૂદ્ધ રોષ ઠાલવે છે.

અમદાવાદ શહેરના મેઘાણીનગર સ્થિત રક્ષાશકિત યુનિવર્સિટીની સામે આવેલા ન્યુ મેન્ટલ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ આવેલું છે આ કમ્પાઉન્ડમાં રોજગાર કચેરી, રજીસ્ટાર કચેરી, સીટી મામલતદાર કચેરી, ચેરીટી કમિશનર કચેરી, સીએસએફ કચેરી જેવી ૧૫ થી વધુ મહત્વની કચેરીઓ આવેલી છે. આ કમ્પાઉન્ડમાં ઉપસ્થિત કચેરીઓમાં કામકાજ અર્થે રોજ મોટી સંખ્યામાં નાગરીકો આવે છે. ઉપરાંત આ કમ્પાઉન્ડમાંથી મેઘાણીનગર પોલીસ સ્ટેશન અને બસ સ્ટેન્ડનો રસ્તો પડતો હોવાથી નાગરીકો કમ્પાઉનડનો રસ્તો પણ મહત્તમ પ્રમાણમાં કરે છે પરંતુ કમ્પાઉન્ડની હાલત હાલ પુરાવી હવેલી જેવી થઈ છે કેમ કે કમ્પાઉન્ડ સુવિધા અર્થે વર્ષોથી બિસ્માર છે. ન્યુ મેન્ટલ સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં રોડ તો જાણે પૌરાણિક કાળથી બિસ્માર હોય તેવા થઈ ગયો છે. કમ્પાઉન્ડમાં રોડ ખૂબ જ બિસ્માર હોવાથી નાગરીકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ઉપરાંત સમગ્ર કમ્પાઉન્ડમાં એટલી ગંદકી જોવા મળે છે કે પહેલી વખત કમ્પાઉન્ડની મુલાકાત લેનાર નાગરીક કમ્પાઉન્ડને ડંપીગ સાઈટ સમજી બેસે છે.

આ ઉપારંત કચેરીઓ પુરાવી હવેલી જેવી થઈ ગઈ છે. કચેરીઓના ક્યાંય બારીના ગ્લાસ તુટેલા છે તો બીજી તરફ કચેરીઓ ગંદકીથી ઉભરાઈ રહી છે. કમ્પાઉન્ડની આ પરિસ્થિતિ છેલ્લા કેટલાંય વર્ષોથી પડી છે પરંતુ તંત્ર તેના પર ધ્યાન આપતું નથી.

# બારડોલી પર તમામ પંડિતોની નજર રહેશે

સુરત, તા.૧૯

માર્ગ પરિવહન અને હાઈવે માટેના કેન્દ્રિય રાજ્યપ્રધાન તુષાર ચૌધરી હેટ્રિક કરવાની યોજના ધરાવે છે. કોંગ્રેસના વર્તમાન સાંસદ હેટ્રિક કરી શકશે કે કેમ તેને લઈને રાજકીય પંડિતોમાં પણ ચર્ચા ચાલી રહી છે. જો કે, આ વખતે તેમની સફળતાને લઈને હજુ પણ પ્રશ્નો ઉઠી રહ્યા છે. બારડોલી મતવિસ્તારમાં આ વખતે તેમની સામે પડકાર ઉભા થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ચૌધરીની જીત માટેનું અંતર ૨૦૦૪લોકસભા ચૂંટણીમાં ૧૭૩૩૮૨ મતથી ઘટીને ૨૦૦૯ની ચૂંટણીમાં ૫૮૯૩૦ થઈ ગયું હતું. આ વખતે પણ તેમની સામે જીતના અંતરને જાળવી રાખવા પડકાર છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની લહેર વચ્ચે ચૌધરીની બારડોલી હેટ્રિકને લઈને ભારે ચર્ચા છે. આ વખતે નવા રાજકીય સમીકરણો રચાયા છે.

# કેમિકલની ફેકટરીમાં ભીષણ આગ લાગતા ભારે દોડધામ

## સતત ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવાયો : જોરદાર જહેમત બાદ આગ ઉપર કાબૂ : આગના કારણમાં તપાસ

અમદાવાદ, તા.૧૯

વટવા જીઆઈડીસીમાં આવેલી કેમીકલ ફેકટરીમાં શનિવારે વહેલી સવારે અચાનક ભીષણ આગ લાગતાં ત્યાંના લોકોમાં દોડધામ મચી ગઈ હતી. ભીષણ આગ ફાટી નીકળતાં લોકોમાં ભય ફેલાઈ ગયો હતો અને ત્યાંના લોકોએ દોડધામ કરી દીધી હતી.

આ ઘટનાસ્થળે પહોંચેલી ફાયરબ્રિગેડના માણસો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે સતત ચાર કલાક સુધી પાણીનો મારો ચલાવ્યો ત્યારે આગ પર કાબુ મેળવી શકાયો હતો તેમજ આગ લાગવા પાછળનું હજુ સુધી કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું ન હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આગની વિકરાળતાના કારણે ત્યાં આજુબાજુમાં રહેતા લોકોને ભારે દોડધામ મચી ગઈ હતી તેમજ ફેકટરીમાં પડેલા સામાનને ભારે નુકશાન થયું હતું. વટવાના જીઆઈડીસી ફેઝ-૨માં આવેલી ફેકટરીમાં આગ લાગવાની જાણ થતાં જ ફાયરબ્રિગેડના ૬૦ જેટલા જવાનોનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ભારે મહેનત બાદ આગ કાબૂમાં લાવી શક્યા હતા. આ ઉપરાંત વટવા જીઆઈડીસીની મોટા ભાગની ફેક્ટરીઓમાં ધંધાકીય વપરાશ માટે પાણીની વ્યવસ્થા હોય છે પરંતુ ફાયર બ્રિગેડના ટેન્કરને પાણીની વધુ જરૂર પડે તે માટે ઓવરહેટ કોઈ ટાંકી કે વ્યવસ્થા નથી તેવું ડેપ્યુટી ચીફ ફાયર ઓફિસર રાજેશ ભટ્ટે જણાવ્યું હતું. જો કે આ ભીષણ આગમાં સદનસીબે કોઈને જાનહાનિ કે ઈજા ન થઈ હોવાનું બહાર આવ્યું છે તેમજ કેમિકલ સ્ટોરરૂમમાં કેમિકલમાં રિએકશન આવવાને કારણે આ આગ લાગી હોવાનું મનાય છે પરંતુ કોઈ ચોક્કસ કારણ ન મળતાં વટવા પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સરખેજમાં ૭૦૦ કિલો ગૌમાંસનો જથ્થો કબજે

શહેરમાં સરખેજ મકરબા રોડ પર આવેલી હૈદરબાગ સોસાયટી પાસે કોમન જગ્યામાંથી ઝોન-૭ સ્કવોર્ડે ૭૦૦ કિલો ગૌમાંસ પકડી પાડ્યું હતું. પ્રાપ્ત થતી વિગતોનુસાર ડીસીપી ઝોન-૭ સ્કવોર્ડના અધિકારીઓ શનિવાર વહેલી સવારે પેટ્રોલીંગ કરી રહ્યા હતા તેમજ વાહન ચેકીંગ કરી રહ્યા હતા તે દરમ્યાન તેમણે મકરબા રોડ પર આવેલી હૈદરબાગ સોસાયટી પાસે આવેલા કોમન જગ્યામાં ગૌમાંસ કપાયેલી હાલતમાં હોવાનું જાણવા મળતા જ ઝોન-૭ના સ્કવોર્ડના માણસોએ ત્યાં રેડ પાડી હતી ત્યારે આરોપીઓ રિક્ષામાં ગૌમાંસ ભરી રહ્યા હતા. આરોપીઓ પોલીસને જોતાં જ રિક્ષા મુકીને ફરાર થઈ ગયા હતા. પોલીસે તરત જ ૭૦૦ કિલો ગૌમાંસ કબજે કર્યું અને એક રિક્ષા કબજે કરી હતી પોલીસે હાલ ઘટના સ્થલે એફએસએલની મદદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

# પ્રાંતિજમાં ચૂંટણી પ્રચાર વેગીલો મતદારોમાં ઉત્સાહનો અભાવ

પ્રાંતિજ, તા.૧૯

પ્રાંતિજ તાલુકામાં ઉનાળાના આકરા તાપમાં પણ લોકસભાની ચૂંટણીમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે, રજાના દિવસોમાં પણ ઓફિસો ચુંટણી કામગીરી માટે ખુલ્લી રાખી વહીવટી તંત્ર ઝીણવટપૂર્વક કામગીરી કરી રહ્યું છે.

ચૂંટણીમાં ઈન્સાનની નશ પારખનારા ઉમેદવારને જ મત અપાય એવી ચર્ચાઓ ગામ પાદરે, પંચાયત ચોક અને જાહેર રસ્તાઓ પર થઈ રહી છે તો ચૂંટણીના ઉમેદવારો તથા ટેકેદારો પણ મોકો જોઈને પોતાના પક્ષની પ્રચાર કાર્યપધ્ધતિથી વાત કરી મળોની માંગણી કરે છે પણ હોંશિયીર મતદારો કોઈને પણ ના પાડયા વગર બધા પક્ષના ઉમેદવારો આવકારી રહ્યા છે. ગામડાના અને નગરોના કેટલાય સળગતા પ્રશ્નો છે. ખેડૂત વર્ગના પ્રશ્નો વણ ઉકેલ્યા છે. કયાંક ગ્રાન્ટોના રૂપિયા નથી વપરાયા અને કયાંક નેતાઓ ગામ ભૂલ્યા છે. આ ખ્યાલ મનમાં રાખી ગ્રામીણ લોકો કહે છે મતદાનમાં પુરું ધ્યાન રાખીને આ વખતે મતદાન કરવું પડશે તો જ સાચો પ્રતિનિધિ ચૂંટી શકાશે અને પરિણામે લોકોનો વિકાસ થશે.

# ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા ચિતોડગઢ પ્રવાસ

ધાનેરા, તા. ૧૯

ધનસુરા સિનિયર સિટીઝન ટ્રસ્ટ દ્વારા વર્ષ દરમિયાન વૃદ્ધો માટે અનેક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જેના ભાગરૂપે તાજેતરમાં વૃદ્ધો માટે રાજસ્થાનના ચિતોડગઢના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતુ.

સંસ્થાના પ્રમુખ જયંતિલાલ શાહના માર્ગદર્શન હેઠળ રાજસ્થાનના ઐતિહાસિક સ્થળ ચિતોડગઢ ખાતે ગત ૧૧મીએ પ્રવાસ યોજાયો હતો. જેમાં ૫૦ સભ્યો આ પ્રવાસમાં જોડાયા હતા. સભ્યોએ શ્રીનાથજી, સાત દરવાજા, સાવલીયા સહિતના અનેક સ્થળએ જી પરત ધનસુરા આવ્યા હતા. આ પ્રવાસને સફળ બનાવવા ટ્રસ્ટના માધુભાઈ પટેલ, ગુણવંતભાઈ વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ્સ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

# આજે મંગુભાઈ પટેલ બનાસકાંઠામાં

બનાસકાંઠા, તા. ૧૯

વિધાનસભાના ડેપ્યુટી સ્પીકર મંગુભાઈ પટેલ આજે બનાસકાંઠામાં ભાજપનો ચૂંટણી પ્રચાર કરશે.

લોકસભાની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર હરિભાઈ ચૌધરીના પ્રચાર અર્થે મંગુભાઈ પટેલ આજે રવિવારે સવારે ૮.૪૫ કલાકે અંબાજીથી ચૂંટણી પ્રચાર શરૂ કરશે. બાદમાં દાંતા વિરમપુર ખુણીયા સહિતના ગામોમાં કાર્યકરોની સાથે સભાઓ સંબોધશે તેમ મીડીયા કન્વીનરે જણાવ્યું હતું.